GJRJ180001502026

Presented on : 17-03-2026

Registered on : 17-03-2026

Decided on : 12-08-2026

Duration : 0 year, 4 months, 26 days

**મે. મજૂર અદાલત, રાજકોટના એકસ ઓફિસીઓ કમિશ્નર ફોર ધી વ. કો. એકટ શ્રી એ.એમ.શેખ સાહેબ સમક્ષ.**

**વ.કો.એગ્રીમેન્ટ કેસ નં. : ૨૮/૨૦૨૬**

**આંક–૧૯**

**અરજદાર:–** **NILESH NASHU SINGAD,**
NAHARPURA, KODALI, JHABUA,
MADHYA PRADESH 484 661

**વિરૂઘ્ઘ**

**સામાવાળાઓ :–** (૧) **સીમોલા ટાઈલ્સ એલએલપી,**
**ઠે.** નીચી માંડણ, મોરબી હળવદ રોડ,
મોરબી–૩૬૩ ૬૪૨

(૨) **ગો ડીજીટ જનરલ એસ્યુરન્સ કંપની લી.,**
**ઠે.** ઓફિસ નં.૬૧૫ થી ૬૨૬, છઠો માળ, જુનુ આમ્રપાલી સીનેમા, રૈયા રોડ, અંડરબ્રીજ પાસે, રાજકોટ

અરજદાર તરફે **:–** વિ. વ. શ્રી એસ.આર.કટારા
સામાવાળા નં.૧ તરફે **:–** જાતે
સામાવાળા નં.૨ તરફે **:–** વિ.વ.શ્રી વી.ડી.મહેતા

**-:: ચુકાદો ::-**

**-: આંક-૧ અને આંક-૧૩ નો સંયુકત હુકમ :-**

(૧) આ કામે અરજદાર સામાવાળા નં. ૧ ને ત્યાં કામદાર તરીકે તેમની ફરજ બજાવતા હતા. તે સમય દરમ્યાન **તા.૦૪/૧૦/૨૦૨૪** નારોજ અરજદારને અકસ્માત થયેલ હતો. સામાવાળા નં.ર વીમા કંપનીએ કામદારના અકસ્માત વળતર પેટે **તા.૦૯/૦૩/૨૦૨૬** નારોજ **રૂા.૧૨,૧૯,૨૬૨/-(અંકે રૂા. બાર લાખ ઓગણીસ હજાર બસો બાસઠ પુરા)** નો સ્ટાન્ડર્ડ ચાર્ટર બેંક, મુંબઈ ના **ચેક નંબર : ૩૩૬૯૭૯** થી અત્રે ની કોર્ટમા પી.એલ.એ. ખાતામાં જમા કરાવેલ છે. જે કલીયર થઈ આવતા અરજદાર અને એકસ ઓફીસીયો કમીશ્નરશ્રીના નામની ઈંડિયન બેંક, રાજકોટમાં ડીપોઝીટ **રસીદ નંબર - ૦૨૩૯૬૬૦, તા.૨૭/૦૩/૨૦૨૬** થી એક વર્ષ માટે ફીકસ ડીપોઝીટ કરાવેલ છે. સદર રકમ કબુલ હોવાનુ અરજદારે **આંક-૧૫** થી બાહેંધરી પુરસીસ હેઠળ જણાવેલ છે. વિશેષમા તેમણે જણાવેલ છે કે અકસ્માત વળતર પેટે તેઓ પેનલ્ટીનો આગ્રહ રાખતા નથી અને તેનો હકક જતો કરેલ છે. ઉપરોકત રકમ તેઓએ સ્વૈચ્છાએ કબુલ મંજુર રાખેલ છે. તેથી એગ્રીમેન્ટ રજીસ્ટરે કરી જમા થયેલ રકમ તેઓને ચુકવી આપવા અરજ કરેલ છે.

(૨) આ કેસની ટુંકમાં હકિકત એવી છે કે આ કામના અરજદાર સામાવાળાની કંપનીમાં નોકરી કરતા હતા દરમ્યાન **તા.૦૪/૧૦/૨૦૨૪**ના રોજ અકસ્માત થતા **ડાબો હાથ ખભાથી કપાય ગયેલ છે.** સામાવાળાએ આંક-૧ની અરજી સાથે ફોર્મ-એલ આંક-૩ થી બે નકલમાં રજુ કરી, વળતરની રકમ

**રૂા.૧૨,૧૯,૨૬૨/–(અંકે રૂા. બાર લાખ ઓગણીસ હજાર બસો બાસઠ પુરા)** કોર્ટમાં ડીપોઝીટ કરાવેલા છે અને કરાર નોંધી આપવા અરજ કરેલ અને નીચે મુજબના દસ્તાવેજોની નકલ રજુ કરેલ.

| **આંક/ માર્ક** | **વિગત** |
|---|---|
| ૪/૧ | અરજદાના અકસ્માત અંગે ખોડનું સર્ટીફીકેટ(૮૫ % ખોડ) |
| ૪/૨ | અરજદારનું આધારકાર્ડ |
| ૪/૩ | અરજદારના મેડીકલ રિપોર્ટ અને ડીસએબીલીટી સર્ટી |
| ૪/૪ | સામાવાળા તરફે હાજરી પત્રક અને પગાર પત્રક રજીસ્ટર(મે–૨૦૨૪ થી ઓકટો–૨૦૨૪) |

(૩) આ કામે **આંક–૫** થી ફીકસ ડિપોઝીટ કઢાવવા અંગેનો પત્ર. **આંક–૬** થી ફીકસ ડિપોઝીટની રસીદની નકલ રજુ છે. ત્યાર બાદ **આંક–૭** થી પક્ષકારોને નોટીસ કરવામાં આવેલ છે. જે આંક–૮ થતા આંક–૯ના ટ્રેક રિપોર્ટ મુજબ બજી ગયેલ છે. સામાવાળા નં.૧ જાતે હાજર રહેલ છે અને સામાવાળા નં.૨ તેમનાં વિ.વ.શ્રી મારફતે હાજર રહેલ છે. ત્યારબાદ અરજદાર તેના વિ.વ.શ્રી સાથે હાજર રહી **આંક–૧૦** થી વકીલપત્ર રજુ રાખી **આંક–૧૩** થી એગ્રીમેન્ટ નોંધી આપવાની અરજી આપેલ છે અને **આંક–૧૬** થી દસ્તાવેજી લીસ્ટ રજુ રાખેલ છે. જેમાં **નિ.૧૬ /૧** થી અરજદારનું આધારકાર્ડ અને **નિ.૧૬/૨** થી અરજદારનું પાનકાર્ડ રજુ રાખેલ છે.

(૪) આ કામે સંબધીત જોગવાઈઓ જરૂર પુરતી ધ્યાને લઈએ તો .........

28.Registration of agreements.—(1) Where the amount of any lamp sum payable as compensation has been settled by agreement whether by way of redemption of a half-monthly

payment or otherwise, or where any compensation has been so settled as being payable 1 [to a woman, or a person under a legal disability] 2 [***J a memorandum thereof shall be sent by the employer to the Commissioner, who shall, on being satisfied as to its genuineness, record the memorandum in a register in the prescribed manner: Provided that— (a) no such memorandum shall be recorded before seven days after communication by the Commissioner of notice to the parties concerned; 3 [***] (c) the Commissioner may at any rime rectify the register;

ઉપરોકત જોગવાઈઓ તથા હાથ ઉપરના કેસની હકીકતો ઘ્યાને લેતા, સામાવાળાઓને નોટીસ બજી ગયેલ છે. અરજદાર તરફે **આંક–૧૫** થી બાંહેધરી પુરશીસ અને **આંક–૧૪** થી ગણતરી પુરશીસ રજુ રાખેલ છે. તેમજ સામાવાળા નં.૧ સંસ્થા તર્ફે **આંક–૧૭** થી તથા સામાવાળા નં.ર વીમા કંપની તરફે **આંક–૧૮**થી નો ઓબ્જેકશન પુરશીસ રજુ રાખેલ છે. વઘુમાં **આંક–૧૩** ની અરજીમાં અરજદારે વળતરની રકમની ઉપરનું **વ્યાજ દર ત્રણ માસે** આપવા અરજ કરેલ છે.

(૫) આ કામે ઉપરની હકીકતો ઘ્યાને લેતા અરજદારને થયેલ અકસ્માત વળતર અંગે પક્ષકારો વચ્ચે થયેલ એગ્રીમેન્ટ પેટે રકમની ચુકવણી સામે સામાવાળા સંસ્થાને વાંઘો નથી તેમજ સામા. નં. ર વીમાકંપની એ જમા કરાવેલ રકમ **રૂા.૧૨,૧૯,૨૬૨/–(અંકે રૂા. બાર લાખ ઓગણીસ હજાર બસો બાસઠ પુરા)** મેળવવા અરજદારે અરજી કરેલ છે. જે સંદર્ભે કલમ–૪ મુજબ જે ગણતરી કરવામાં આવેલી છે તેને નજર સમક્ષ રાખતા અરજદારની **ઉંમર–૧૯** વર્ષને લગત **ફેકટર ૨૨૫.૨૨** તથા **ખોડ ૮૫ %** તથા માસિક પગાર

**રૂા.૧૦,૬૧૫/–** ધ્યાને લેતા જમાં થયેલ વળતરની રકમ યોગ્ય જણાય છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ફર્સ્ટ અપીલ નં. ૩૮૩૦/૨૦૦૬ ની દિ.પ.અ.નં. ૧૧૭૦૬/૨૦૦૬ થી ફર્સ્ટ અપીલ નં .૩૮૪૦/૨૦૦૬ ની દિ. પ. અ.નં. ૧૧૭૧૬/૨૦૦૬, ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની લી. વિરુધ્ધ નરસીંહ ડી. હરીજન, (સોલંકી) ના કામે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત તથા ગાઈડલાઈન્સ જેમાં નોંધેલ છે કે, Commissioner for Workmen Compensation shall order for deposit of at least 85% amount of compensation awarded (inclusive of penalty and interest) in long-term Fixed Deposits in any Nationalised Bank and as far as possible in State Bank of India with a provision that the claimant/s shall be entitled to a periodical monthly/quarterly interests on such Fixed Deposit.' તે સંજોગોમા આ એગ્રીમેન્ટ રજીસ્ટર્ડ કરવામા આવે છે અને નીચેની વિગતે જમા થયેલ રકમ **રૂા.૧૨,૧૯,૨૬૨/–(અંકે રૂા. બાર લાખ ઓગણીસ હજાર બસો બાસઠ પુરા)** અરજદારને ચુકવી આપવાનુ ન્યાયના વિશાળ હિતમાં ઠરાવવામા આવે છે.

## –: <u>હુકમ</u> :–

૧. આ કરારનામાની નોંધણી કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના સામાવાળા નં.૨ ધ્વારા વળતર પેટે જમા કરવામાં આવેલ રકમ **રૂા.૧૨,૧૯,૨૬૨/–(અંકે રૂા. બાર લાખ ઓગણીસ હજાર બસો બાસઠ પુરા)** પૈકી **રૂા.૨,૧૯,૨૬૨/– (અંકે રૂા.બે લાખ ઓગણીસ હજાર બસો બાસઠ પુરા)** તથા અત્યાર સુધીનું જમાં થયેલ વ્યાજની રકમ એકાઉન્ટ પે ના ચેકથી અરજદારને તેમની યોગ્ય

ઓળખ લઈ ચુકવી આપવા અને બાકી રહેતી રકમ **રૂ.૧૦,૦૦,૦૦૦/-(અંકે રૂા.દશ લાખ પુરા)** અરજદાર તથા કામદાર વળતર અધિનિયમ હેઠળના કમીશ્નર, રાજકોટના સયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમા **પાંચ વર્ષ** માટે ફીકસ ડીપોઝીટ કરવી અને તે રકમ ઉપર ઉપજતું વ્યાજ અરજદારને **વ્યાજ દર ત્રણ માસે** આપવું તેમ ઠરાવવામાં આવે છે.

૩. સદર રાષ્ટ્રીયકૃત બેંકે, બેંકમા ફીકસ ડીપોઝીટ થયેલ રકમ અરજદાર તથા કામદાર વળતર અધિનિયમ હેઠળના કમીશ્નર, રાજકોટના જોઈન્ટ નામે ફીકસ ડીપોઝીટ કરવાની રહેશે તેમજ તે રકમ ઉપર સદરહું કમીશ્નરશ્રીની પરવાનગી વગર કોઈપણ જાતની લોન કે એડવાન્સ વગેરે આપવા નહી.

૪. બેંકે રકમ ડીપોઝીટ થયાના દિન-૩૦ માં અસલ રસીદ અત્રેની કચેરીમાં જમાં કરાવવાની રહેશે. જેની ખરી નકલ અત્રે રાખી અસલ રસીદ સંબંધિત અરજદારને સોંપવાની રહેશે.

હુકમ આજરોજ તા. ૧૨ - ૦૮ - ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : મોરબી.

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એકસ ઓફિસીઓ કમિશ્નર**
**ફોર ધી વ. કો. એકટ, એન્ડ જજ,**
**સીટીંગ મજુર અદાલત, મોરબી.**

તારીખ : ૧૨/ ૦૮ / ૨૦૨૬

VDJ